વેચાણ દસ્તાવેજ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૭(ઓઢવ)ના તાલુકે મણીનગરના મોજે રખીયાલની સીમના સર્વે નંબર.૩૧૧/૩ ના ટી.પી. સ્કીમ નંબર.૧૦ ના ફાઈનલ પ્લોટ નંબર.૨ ની ૧૯૫૧૬ ચો.મી બિનખેતિની ઔદ્યોગીક હેતુવાળી જમીનમાં ઔદ્યોગીક હેતુ માટે જુદા જુદા બ્લોકોનું // **ગુરુકૃપા પ્રોકોન્સ પ્રા.લી** *//* **(જુનુ નામ આરત ઈલેકટ્રો કેમીકલ્સ પ્રા.લી)** *દ્રારા* **ાા આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ાા** *ના નામે યુનીટોનું બાંધકામ કરવામાં આવેલ છે અને તેમાં આવેલ* **બ્લોક નંબર.------** *માં આવેલ* **યુનીટ નંબર.------ - ----------- ચો.મી યાને ------- ચો.વાર** *ના બાંધકામવાળી મીલકત* નો રૂ|.---------------/- અંકે રૂપિયા -------------------------- પુરાનો વેચાણ દસ્તાવેજ.

લખી આપનાર :- ગુરુકૃપા પ્રોકોન્સ પ્રા.લી

એકતરફવાળા :- (જુનુ નામ આરત ઈલેકટ્રો કેમીકલ્સ પ્રા.લી)
વતી અને તરફથી તેના ડિરેકટર
જમાલ અપ્સર સલીમુદીન રાજપુત
DIN No. 01240608
Pan No. AACCA2054R
CIN No. U70102GJ1961 PTC001048
ઠે, આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,પન્ના એસ્ટેટ રોડ, રખીયાલ, અમદાવાદ ખાતે આવેલ છે.
ઉ.વ.પુખ્તવયના, ધરમે, મુસ્લીમ, ધંધો-વેપાર
રહે, ૮૭/૩૭૯, ગુ.હા. બોર્ડ, અમન ચોક, જુના બાપુનગર,અમદાવાદ
Pan No. AERPR0446
Mobile No.
E Mail :

// જેમને હવે પછી આ વેચાણ દસ્તવેજમાં અમો એકતરફવાળા અને અગર વેચાણ આપનાર અથવા લખી આપવાર એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં અમો વેચાણ આપનાર તથા વેચાણ આપનારના હાલના વખતો વખતના ડિરેક્ટરો તથા છેલ્લા હયાત ડિરેક્ટરના વંશ, વાલી,વારસો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, સક્સેસરો, સરવાઈસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થયેલ ગણાશે. //

લખાવી લેનાર :- ---

બીજીતરફવાળા :- ઉ.વ. પુખ્તવયના, ધર્મે ---------, ધંધો ---------
રહે. ---

Pan No.
Mobile No.
E Mail :

// જેમને હવે પછી આ વેચાણ દસ્તવેજમાં તમો બીજીતરફવાળા અને અગર વેચાણ રાખનાર અથવા લખાવી લેનાર એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં તમો વેચાણ રાખનાર તથા તમો વેચાણ રાખનારના વંશ, વાલી,વારસો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, સક્સેસરો, સરવાઈસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થયેલ ગણાશે. //

૧. *રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૭(ઓઢવ)ના તાલુકે મણીનગરના મોજે રખીયાલની સીમના સર્વે નંબર.૩૧૧/૩ ના ટી.પી. સ્કીમ નંબર.૧૦ ના ફાઈનલ પ્લોટ નંબર.૨ ની ૧૯૫૧૬ ચો.મી બિનખેતિની ઔદ્યોગીક હેતુવાળી જમીનમાં ઔદ્યોગીક હેતુ માટે જુદા જુદા બ્લોકોનું //* **ગુરુકૃપા પ્રોકોન્સ પ્રા.લી** *//* **(જુનુ નામ આરત ઈલેકટ્રો કેમીકલ્સ પ્રા.લી)** *દ્વારા* **ાા આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ાા** *ના નામે યુનીટોનું બાંધકામ કરવામાં આવેલ છે અને તેમાં આવેલ બ્લોક* **નંબર.------** *માં આવેલ* **યુનીટ નંબર.------ ------------ ચો.મી યાને ------- ચો.વાર***ના બાંધકામવાળી મીલકત* જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં //સદરહુ મિલકત// એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૨. સદરહુ જમીન લીલાવતીબેન નટવરલાલ દુધીયાએ તા.૧૩/૭/૬૦ ના રોજ અમદાવાદ ના મે. સબ.રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુ ક્રમ દસ્તાવેજ રજી. નં. ૫૫૫૭ થી ૧૦૧ વર્ષના ભાડા પટ્ટાના હક્કોનો દસ્તાવેજથી શંકુન્તલા કૃષ્ણકાંત ઝવેરીને ભાડા પટ્ટાના હક્કોથી લખી આપેલ છે અને ત્યારબાર શંકુન્તલા કૃષ્ણકાંત ઝવેરીએ સદર ભાડાપટ્ટાના લેખથી પ્રાપ્ત થયેલા હક્કો એસાઈન કરતો એસાઈમેન્ટનો બિન અવેજી લેખથી આરત ઈલેક્ટ્રો કેમીકલ્સ પ્રા.લી. ને કરી લખી આપેલ છે અને ત્યાર થી સદરહુ જમીન આરત ઈલેક્ટ્રો કેમીકલ્સ પ્રા.લી.નું નવુ નામ (ગુરુકૃપા પ્રોકોન્સ પ્રા.લી.) ના નામથી ઓળખાય છે. સદર એસાઈમેન્ટનલ લેખ તા.૨૯/૦૮/૧૯૬૨ ના રોજ કરવામાં આવેલ જે અમદાવાદ મે. સબ-રજીસ્ટ્રાર સાહેબ સમક્ષ અનું. નં. ૭૧૫૨ થી રજીસ્ટર્ડ થયેલ છે. ત્યારબાદ સદરહુ આરત ઈલેક્ટ્રો કેમીકલ્સ પ્રા.લી.ને એસાઈમેન્ટ લેખ શંકુન્તલા કૃષ્ણકાંત ઝવેરીએ તા.૧૩/૦૭/૧૯૬૦ ના રોજ ભાડા પટ્ટાનો લેખ કરી લખી આપેલ ત્યારે ધી કંપની એક્ટ અન્વયે નોંધાયેલ ન હોઈ તા.૧૬/૦૨/૧૯૬૮ ના રોજ ભાડા પટ્ટાના હક્કોનો વેચાણ દસ્તાવેજ શંકુન્તલા કૃષ્ણકાંત ઝવેરી દ્વારા આરત ઈલેક્ટ્રો કેમીકલ્સ પ્રા.લી. ને કરી લખી આપેલ છે જે મે. સાહેબ અમદાવાદની રજીસ્ટ્રાર કચેરીમાં અનુક્રમ નં. ૧૮૧૯ થી રજીસ્ટર્ડ થયેલ છે. અને ત્યારથી સદરહુ જમીનના ભાડાપટ્ટાના હકકો સહિતનો કબજો ભોગવટો આરત ઈલેક્ટ્રો કેમીકલ્સ પ્રા.લી. નવુ નામ(ગુરુકૃપા પ્રોકોન્સ પ્રા.લી.) ના કબજા ભોગવટા હેઠળ આવેલ છે.

3. ત્યારબાદ લીલાવતીબેન નટવરલાલ દુધીયાનું તા.૦૯/૦૪/૧૯૭૯ ના રોજ અવસાન થતાં તેઓના સીધી લીટીના કાયદેસરના વારસદારો (૧) અશોકકુમાર નટવરલાલ દુધિયા (૨) કૌશીકકુમાર નટવરલાલ દુધિયા (૩) પરેશભાઈ નટવરલાલ દુધિયા (૪) જીતેન્દ્રભાઈ નટવરલાલ દુધિયા (૫) હિંમતભાઈ ઉર્ફે હેમંતભાઈ નટવરલાલ દુધિયા (૬) જનકભાઈ નટવરલાલ દુધિયાને વારસાઈ હક્કે સદરહુ માપ નંબરવાળી જમીન પ્રાપ્ત થયેલ અને જનકભાઈ નટવરલાલ દુધીયાનું તા.૦૯-૦૫-૨૦૦૭ ના રોજ અવસાન થયેલ જેથી ગુજરનાર જનકભાઈ નટવરલાલ દુધિયા ના સીધી લીટીનાં કાયદેસરના વારસદારો (૧) શિલ્પાબેન

જનકભાઈ દુધિયા તથા (૨) પાર્થ જનકભાઈ દુધિયાની રેવન્યુ રેકર્ડમાં વારસાઈ અંગેની એન્ટ્રી નોંધ નં. ૨૦૧૫૭ થી તા.૧૫/૧૦/૨૦૧૪ ના રોજ નોંધણી પ્રમાણીત થયેલ છે અને ત્યારથી સદરહુ જમીન માલીકી ધોરણે રેવન્યુ દફતરે (૧) અશોકકુમાર નટવરલાલ દુધિયા (૨) કૌશીકકુમાર નટવરલાલ દુધિયા (૩) પરેશભાઈ નટવરલાલ દુધિયા (૪) જીતેન્દ્રભાઈ નટવરલાલ દુધિયા (૫) હિંમતભાઈ ઉર્ફે હેમંતભાઈ નટવરલાલ દુધિયા (૬) શિલ્પાબેન જનકભાઈ દુધિયા (૭) પાર્થ જનકભાઈ દુધિયાના નામે ચાલતી આવેલ છે અને તેઓની સંયુક્ત સહ-માલીકીની આવેલ અને તે જમીન અમો વેચાણ આપનારના ભાડાપટ્ટાના હક્કોથી અમારા કબજા ભોગવટામાં આવેલ હોઈ સદરહુ સઘળી જમીન જમીન માલીકો (૧) અશોકકુમાર નટવરલાલ દુધિયા (૨) કૌશીકકુમાર નટવરલાલ દુધિયા (૩) પરેશભાઈ નટવરલાલ દુધિયા (૪) જીતેન્દ્રભાઈ નટવરલાલ દુધિયા (૫) હિંમતભાઈ ઉર્ફે હેમંતભાઈ નટવરલાલ દુધિયા (૬) શિલ્પાબેન જનકભાઈ દુધિયા (૭) પાર્થ જનકભાઈ દુધિયાના કુ.મુ. તરીકે તેમની માતા શિલ્પાબેન જનકભાઈ દુધિયા પાસેથી માલીકી હક્કે અમદાવાદ-૭ (ઓઢવ) મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા.૧૫/૦૨/૨૦૧૬ ના રોજ રજી. દસ્તાવેજ અનુ. નં. ૧૩૪૬ થી નોંધણી કરાવી અમો વેચાણ આપનારે ગુરુકૃપા પ્રોકોન્સ પ્રા.લી. (જુનુ નામ આરત ઈલેક્ટ્રો કેમીકલ્સ પ્રા.લી.) તેના વતી અને તરફથી તેના ડિરેક્ટર જમાલ અખ્તર સલીમુદ્દીન રાજપુતે વેચાણ રાખેલ અને ત્યારબાદ સદરહુ જમીનની રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં. ૨૦૬૬૦ તા.૨૯/૦૪/૨૦૧૬ ના રોજ સદર એન્ટ્રી પ્રમાણીત થયેલ છે. અને આમ ત્યારથી સદરહુ જમીનના અમો વેચાણ આપનાર ની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી છે.

૪.સદરહુ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ - ડીસ્ટ્રીક્ટ અમદાવાદ- ના તાલુકે મણીનગરના મોજે રખીયાલની સીમના સર્વે નં. ૩૧૧/૩ ના ટી.પી. સ્કીમ નં.૧૦ ના ફાઈનલ પ્લોટ નં. ૨ ની ૧૯૫૧૬ ચો.મી. બિનખેતીની ઔધોગીક હેતુવાળી જમીનમાં ઔધોગીક હેતુ માટેના ઉપયોગ સારુ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન અમદાવાદની સમક્ષ જુદા જુદા બ્લોકોનું બાંધકામ કરવા જરુરી કાગળો પત્રકો તથા ડોક્યુમેન્ટો તથા પ્લાનો રજુ કરેલા જે બાંધકામના પ્લાન અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન અમદાવાદ નાએ જુદા જુદા બ્લોકો મુજબ નીચેની વિગતોએ પ્લાન મંજુર કરી વિકાસ માટે બાંધકામની પરવાનગીએ (રજાચીઠ્ઠી) મેળવેલ છે.

ક્રમ નં.	તારીખ	બ્લોક નં.	રજા ચીઠ્ઠી નં.
૧.	૨૧/૦૨/૨૦૧૫	એ	૦૩૨૫૩/૨૦૦૧૧૫/એ૩૫૭૧/આરઓ/એમ૧
૨.	૨૧/૦૨/૨૦૧૫	બી	૦૩૨૫૪/૨૦૦૧૧૫/એ૩૫૭૨/આરઓ/એમ૧
૩.	૨૧/૦૨/૨૦૧૫	સી	૦૩૨૫૫/૨૦૦૧૧૫/એ૩૫૭૩/આરઓ/એમ૧
૪.	૨૧/૦૨/૨૦૧૫	ડી	૦૩૨૫૬/૨૦૦૧૧૫/એ૩૫૭૪/આરઓ/એમ૧
૫.	૨૧/૦૨/૨૦૧૫	ઈ	૦૩૨૫૭/૨૦૦૧૧૫/એ૩૫૭૫/આરઓ/એમ૧
૬.	૨૧/૦૨/૨૦૧૫	એફ	૦૩૨૫૮/૨૦૦૧૧૫/એ૩૫૭૬/આરઓ/એમ૧

૭.	૨૧/૦૨/૨૦૧૫	જી	૦૩૨૫૯/૨૦૦૧૧૫/એ૩૫૭૭/આરઓ/એમ૧
૮.	૨૧/૦૨/૨૦૧૫	એચ	૦૩૨૬૦/૨૦૦૧૧૫/એ૩૫૭૮/આરઓ/એમ૧
૯.	૨૧/૦૨/૨૦૧૫	આઈ	૦૩૨૬૧/૨૦૦૧૧૫/એ૩૫૭૯/આરઓ/એમ૧
૧૦.	૨૧/૦૨/૨૦૧૫	જે	૦૩૨૬૨/૨૦૦૧૧૫/એ૩૫૮૦/આરઓ/એમ૧

૫. રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ - ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૭ ના તાલુકે મણીનગરના મોજે રખીયાલની સીમના સર્વે નં. ૩૧૧/૩ ના ટી.પી. સ્કીમ નં.૧૦ ના ફાઈનલ પ્લોટ નં. ૨ ની ૧૯૫૧૬ ચો.મી. બિનખેતીની ઔધોગીક હેતુવાળી જમીનમાં ઔધોગીક હેતુ માટે જુદા જુદા બ્લોકોનું મંજુર થયેલ પ્લાન પાસ મુજબ એ,બી,સી,ડી,ઈ,એફ,જી,એચ,આઈ, તથા જે બ્લોકઓનું જુદા જુદા માપના યુનીટોનું નિયુક્ત કરેલા એન્જીનીયરો દ્વારા બાંધકામ કરાવવામાં આવેલ છે જે બાંધકામ વાળી મિલકત //આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ// ના નામે ઓળખાય છે.

૬. સદરહુ // આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ // બિલ્ડીંગમાં મેઈન એન્ટ્રન્સ ના એ બ્લોક તથા જે બ્લોક ના ફોયર તથા હોલો પ્લીન્થ આવેલ છે, અને ઔધોગીક હેતુસારૂનાં બિલ્ડીંગમાં સભ્યો માટે નીયત જગ્યાએ પાર્કીંગ તૈયાર કરાવેલ છે. તેમજ સદરહુ સ્કીમમાં વોટર બોર, તેમજ તે અંગેનો પમ્પ, અન્ડર ગ્રાઉન્ડ કોમન પાણીની ટાંકી તથા કોમન લાઈટીંગની સગવડ આવેલી છે. તેમજ સદરહુ સ્કીમમાં આંતરીક રોડ આવેલા છે. તેમજ સદરહુ સ્કીમમાં ઈલેક્ટ્રીક સબ-સ્ટેશન આવેલ છે. અને એ બ્લોક તથા જે બ્લોક માં ગ્રાઉન્ડ ફ્લોરથી પાંચમા ફ્લોર સુધી જવા આવવા સારુ લીફ્ટ તથા નિસરણી આવેલી છે. તેમજ દરેક ફ્લોર ઉપર લીફ્ટ તથા નિસરણી પાસે પેસેજ આવેલા છે. તેમજ દરેક બ્લોકમાં કોમન લાઈટીંગની સગવડ આવેલી છે. તેમજ એ બ્લોક અને જે બ્લોકમાં ઓવર હેડ કોમન પાણીની ટાંકી પણ આવેલ છે.

૭. સદરહુ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ - ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૭ ના તાલુકે મણીનગરના મોજે રખીયાલની સીમના સર્વે નં. ૩૧૧/૩ ના ટી.પી. સ્કીમ નં.૧૦ ના ફાઈનલ પ્લોટ નં. ૨ ની ૧૯૫૧૬ ચો.મી. બિનખેતીની ઔધોગીક હેતુવાળી જમીનમાં ઔધોગીક હેતુ માટે જુદા જુદા બ્લોકોનું //ગુરૂકૃપા પ્રોકોન્સ પ્રા.લી.// (જુનુ નામ આરત ઈલેક્ટ્રો કેમીકલ્સ પ્રા.લી.) દ્વારા //આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ// ના નામે યુનીટોનું બાંધકામ કરવામાં આવેલ છે અને તેમાં આવેલ બ્લોક '------' માં આવેલ યુનીટ નંબર ------- ---------------------- ચો.મી. યાને ------- ચો.વાર ના બાંધકામવાળી મિલકત જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "મજકુર મિલ્કત" એ રીતે સંબોધવામાં આવેલ છે.

૮. વેચાણ લેનાર મજકુર મિલ્કત વેચાણ રાખવા ઈચ્છા ધરાવતા હોવાથી અને વેચાણ આપનાર મજકુર મિલ્કત વેચાણ કરવા ઈચ્છતા હોવાથી વેચાણ આપનારે સદરહુ મિલ્કત અંગેના તમામ પેપર્સ તથા સદર મિલકતના રાઈટસ, ટાઈટલ્સ અને ઈન્ટરેસ્ટ ક્લીયર અને માર્કેટેબલ કહેતા અને વેચાણ લેનારે તેની તપાસણીની સ્પષ્ટતા કરી મજકુર મિલકત વેચાણ લેનાર વેચાણ રાખવા કબુલ મંજુર રાખેલ છે. અને ત્યારબાદ જ વેચાણ લેનારે મજકુર મિલ્કત ફકત ઔધોગીકનાં હેતુ સારુ જ વેચાણ આપનાર પાસેથી વેચાણ લેવાનું નક્કી કરેલ છે. અને તે રુઈએ મજકુર મિલ્કત *સદર યોજનામાં આવેલ તમામ સુવીધાઓ વાપરવાના તથા કોમન સહીયારે ઉપયોગ કરવાના હકકો સહીત યુનીટ નંબર-------- --------- ચો.મી વાળી મીલકત* ઉચ્ચક કુલ્લે રૂા.------------------------------------ પુરામાં વેચાણ આપવા લેવાનું વેચાણ આપનાર તથા વેચાણ લેનાર વચ્ચે નક્કી કરવામાં આવેલ છે.

૯. વેચાણ આપનાર અને વેચાણ લેનાર વચ્ચે નક્કી થયા મુજબ વેચાણ લેનારે સદરહુ મિલ્કતનો ઉપયોગ માત્ર કાયદેસરના વેપાર ધંધા સારુ જ કરવાનો છે. તેમજ સદરહુ મિલ્કતનો વપરાશ વેચાણ લેનારે આજુ બાજુના માલીકોને ન્યુસન્સ એનોયન્સ ન થાય એ રીતે કરવાનો રહેશે. તેમજ વેચાણ લેનારે સદરહુ મિલ્કત તેમજ ગ્રાઉન્ડ ફ્લોરનો પેસેજ હરહંમેશ ચોખ્ખો રાખવાનો છે તેમાં કોઈ કચરો નાંખવાનો નથી. તેમજ તેવો પેસેજ હરહંમેશ ખુલ્લો રાખવાનો છે તેમાં કોઈપણ જાતનું કાચુ કે પાકુ કે તેવા સ્વરૂપનું બાંધકામ કરવાનું નથી તેવી સ્પસ્ટ સમજ સાથે વેચાણ આપનારે વેચાણ લેનારને સદરહુ મિલ્કત વેચાણ આપેલ છે.

૧૦. વેચાણ આપનારે વેચાણ લેનાર પાસેથી આ વેચાણ દસ્તાવેજમાં જણાવ્યા મુજબની વિગતે કુલ્લે રૂા.----------------------------------- પુરા સ્વીકારીને સદરહુ મિલ્કતનો વેચાણ લેનારની તરફેણમાં વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે. તેમજ આ વેચાણ દસ્તાવેજની શરતોને આધિન વેચાણ લેનાર સદરહુ મિલકતના કુલ સ્વતંત્ર માલીક થયેલા છે. તેમજ સદરહુ મિલ્કતનો કાર્પેટ એરીયા, બાંધકામ ફીટીંગ્સ, ફીક્ચર્સ તથા વપરાયેલા માલસામાનની ગુણવત્તા વિગેરે તમામ વેચાણ લેનારે જોઈ તપાસી લીધેલા છે તેમજ આ વેચાણ દસ્તાવેજમાં જણાવ્યા મુજબની કોમન એમીનીટીઝ તથા તેની સુવિધાઓ પણ જોઈ તપાસી લીધેલ છે. અને તે તમામ બાબતમાં વેચાણ લેનારને કોઈ દાદ, ફરીયાદ કે તકરાર નથી અને હવે પછી ભવિષ્યમાં વેચાણ લેનારે તે તમામ બાબતે કોઈ દાદ, ફરીયાદ કે તકરાર કરવાનો કોઈ હક્ક રહેશે નહી. તેમજ વેચાણ લેનાર આ વેચાણ દસ્તાવેજમાં જણાવેલ શરતો, જવાબદારીઓ અને મર્યાદાઓને આધિન સદરહુ મિલ્કતનો માલીકીહક્કે કબજો ધરાવવા હક્કદાર છે જે તમામ વેચાણ લેનારને કબુલ મંજુર છે.

૧૧. વેચાણ લેનારે વેચાણ આપનારને સદરહુ મિલકતનો વેચાણ દસ્તાવેજ વેચાણ લેનારના નામથી લખી આપવા જણાવવાથી વેચાણ આપનારે વેચાણ લેનારના નામથી તરફેણમા સદરહુ મિલકતનો આથી આ વેચાણ દસ્તાવેજ લખી આપનાવાનું કબુલ કરેલ છે.

૧૨. વેચાણ આપનારે વેચાણ લેનાર પાસેથી નીચે દર્શાવેલ વિગતે ચુકતેના હિસાબે વેચાણ અવેજની રકમ સ્વીકારેલ છે.

અવેજ મળ્યાની વિગત

તારીખ	રકમ	પહોંચ નં.	બેંકનું નામ
			રજી.બાનાખત વખતે આપેલ તે

રૂ|.-------------- અંકે રૂપિયા ----------------------- પુરા

૧૩. સદરહુ મિલ્કતના વેચાણ અવેજના નાણાં વેચાણ લેનાર પાસેથી વેચાણ આપનારને મળેલા છે. (જે મળ્યા હોવાનું વેચાણ આપનારે આથી કબુલ કરેલ છે તેમજ તેની પહોંચ આથી સ્વીકારે છે. તેમજ વેચાણ લેનારને તેમની હરેક પ્રકારની જવાબદારીમાંથી આથી મુક્ત કરે છે) જેથી સદરહુ મિલ્કત વેચાણ આપનાર વેચાણ લેનારને આથી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ આપે છે. તેમજ સદરહુ મિલકતનો આકાશ થી તે પાતાળ સુધીનો શાંત ખાલી અને પ્રત્યક્ષ કબજો વેચાણ આપનારે વેચાણ લેનારને બી.યુ. પરમીશન આવેથી સોંપવાનો છે અને રહેશે અને વેચાણ લેનાર આથી સદરહુ વેચાણ કબુલ મંજુર રાખે છે. અને એ રીતે સદરહુ મિલ્કાતના વેચાણ લેનાર કુલ સ્વતંત્ર માલીક કબજેદાર બનેલાં છે.વેચાણ આપનાર તથા વેચાણ લેનાર વચ્ચે નક્કી કરવામાં આવ્યા મુજબ મજકુર મિલ્કત અંગે મજકુર મિલ્કત સરકારી અર્ધ સરકારી ટેક્ષ વેરાઓ આજ અગાઉના અમો વેચાણ આપનારે ભરપાઈ કરી આપેલ છે. અને આ દસ્તાવેજની તારીખ પછીથી મજકુર મિલકત અંગે જે કાંઈ સરકારી અર્ધ સરકારી સ્થાનીક સંસ્થાઓ ના કે મ્યુ.કોર્પોરેશન ના કે ઈલેક્ટ્રીક બીલ અંગેના જે કાંઈ રકમ વેરાઓ આવે તે તમામ રકમ વેચાણ લેનારે ભરવાની છે અને રહેશે.

૧૪. વેચાણ આપનાર તથા વેચાણ લેનાર વચ્ચે નક્કી કરવામાં આવ્યા મુજબ મજકુર મિલ્કત ના આ દસ્તાવેજ થયા બાદ જે કાંઈ સરકારી અર્ધ સરકારી સેલ્સ ટેક્ષ ઈન્કમટેક્ષ તરફથી કે અન્ય કોઈપણ કારણોસર બીજી જો કોઈ રકમ ભરવાની આવે તેવી રકમ વેચાણ લેનારે ભરવાની છે અને રહેશે. અને તે અંગે વેચાણ આપનારની કોઈ જ જવાબદારી છે નહીં કે રહેશે નહીં કે ગણાશે નહીં.

૧૫. સદર જમીન પર આવેલ યોજનાનું નામ // આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ // રાખેલ છે. અને યોજનાનું એલીવેશન અને કલર સ્કીમ વેચાણ આપનારે નક્કી કરેલ છે. તે હર હંમેશ વેચાણ લેનારે સુરક્ષિત રાખવાની છે અને બિલ્ડીંગની બહારની સાઈડ કે બિલ્ડીંગની અંદર કોઈપણ યુનીટ ધારણકર્તાઓએ રસ્તા ઉપર કોઈપણ જાતનું બાંધકામ કરવાનું નથી કે અડચણ રુપ કૃત્ય કરવાનું નથી તેમજ બિલ્ડીંગની બહારની સાઈડમાં કોઈ ફેરફાર વેચાણ લેનારે કરવા કરાવાવાનો નથી. વધુમાં બિલ્ડીંગના બાંધકામમાં સરકારી,અર્ધસરકારી, અમદાવાદ મ્યુ. કોર્પોરેશન અને અથવા અન્ય કોઈ ઓથોરીટીઝનાં કારણોસર ફેરફાર કરવાનો/સુધારા વધારા કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તેવે વખતે તેવો ફેરફાર/સુધારા વધારા કરાવવા વેચાણ આપનાર હક્કદાર રહેશે. અને તે અંગે વેચાણ લેનારને વાંધો કે તકરાર ઉપસ્થિત કરવાનો કોઈ હક્ક રહેશે નહી. તેમજ વેચાણ આપનારે તેવા જે ફેરફાર/સુધારા વધારા કરેલ હોય તો તે તમામ પણ વેચાણ લેનારને માન્ય અને બંધનકર્તા રહેશે. સદરહુ મિલકત અંગેના સાઈન બોર્ડની સાઈઝ વેચાણ આપનારે નક્કી કરેલી છે. તેમજ સાઈન બોર્ડ અંગે જે જગ્યા ફાળવવામાં આવેલ છે. તેમાં વેચાણ લેનારે કોઈપણ જાતનો ફેરફાર કરવાનો નથી. અને તે મુજબ જ સાઈન બોર્ડ મેઈન્ટેન કરવાનું રહેશે. તેમજ ગમે તે જગ્યાએ સાઈન બોર્ડ મુકવા વેચાણ લેનાર હક્કદાર નથી.

૧૬. સદરહુ // આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ // યોજનામાં બ્લોક એ તથા બ્લોક જે ના પાંચમા માળ પછી જે ટેરેસ આવેલ છે તે ટેરેસના વેચાણ લેનારને કોઈ હક્કો આપવામાં આવેલ નથી.

૧૭. વેચાણ આપનાર તથા વેચાણ લેનાર વચ્ચે સ્પષ્ટતા કરવામાં આવે છે કે, વેચાણ લેનારે તેમનાં વાહનો ફી એલોટ કરેલ પાર્કીંગની જગ્યામાં જ વ્યવસ્થીત રીતે પાર્ક કરવાના રહેશે. વેચાણ લેનારે કોઈપણ સંજોગોમાં તેમના વાહનો અન્ય જગ્યાએ અગર મજકુર મિલકતની પાછળની બાજુએ કે રસ્તા વચ્ચે પાર્ક કરવાના રહેશે નહીં.

૧૮. સદરહુ જમીન પર આવેલ બાંધકામવાળી મિલકત અંગે ભવિષ્યમાં સરકારી, અર્ધ સરકારી કચેરીઓ તરફથી તથા અમદાવાદ મ્યુ. કોર્પોરેશન, લોકલ ઓથોરીટીઝ વિગેરે બેટરમેન્ટ ચાર્જ અગર તે પ્રકારનો અન્ય કોઈ ચાર્જ નાખે અને તેવી જ રકમ ભરવાની આવે તે રકમ પૈકી સદરહુ મિલકતના વરાડે આવતી રકમ વેચાણ લેનારે ભરવાની રહેશે.

૧૯. વેચાણ લેનારને મજકુર મિલકતનો આંતરિક બીલ્ટઅપ એરીયા તથા સદરહુ ફાઈનલ પ્લોટની જમીન પૈકી વગર વહેંચાયેલ હક્ક હિસ્સાની જમીન જ વેચાણ આપવામાં આવેલ છે. જેથી મજકુર જમીનનો આંતરિક બીલ્ટઅપ એરીયા જ સ્વતંત્ર રીતે વાપરવાનો વેચાણ લેનારને

હક્ક છે. તેમજ તેવી વગર વહેંચાયેલ જમીનની વહેંચણી કરીને અલગથી જમીન માંગવાંનો કે મેળવવાનો કોઈ સુધારા વધારા કરવાનો તથા સ્થળ સ્થિતિમાં કે તેના એલીવેશનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો વેચાણ લેનારને કોઈ હક્ક નથી, તેમ છતાં વેચાણ લેનાર જો કોઈપણ પ્રકારના અનઅધિકૃત ફેરફાર/સુધારા વધારા કરે કરાવે તો તે તમામ વેચાણ આપનાર વેચાણ લેનારના ખર્ચે અને જોખમે યથાવત સ્થિતિમાં કરાવવા હક્કદાર રહેશે. અને તે અંગે કોઈ દાદ, ફરીયાદ કે તકરાર કરવાનો વેચાણ લેનારને કોઈ હક્ક કે અધિકાર રહેશે નહી. તેમજ તે અંગે કોઈપણ પ્રકારની નુકશાની માંગવા કે મેળવવા પણ વેચાણ લેનાર હક્કદાર રહેશે નહીં. મજકુર મિલકતની આંતરિક દિવાલો, ફ્લોર,છત વિગેરે અન્ય મિલ્કતો સાથે સહિયારી માલીકીની અને તેના માલીક કબજેદારો સાથે સહીયારી વપરાશની છે. મજકુર મિલ્કતનો અંદરનો ભાગ તથા બહારનો ભાગ સંપુર્ણ સુંદર, સારી અને સંગીન હાલતમાં રાખવાની અને મેઈન્ટેન કરવાની જવાબદારી વેચાણ લેનારની છે અને રહેશે. સહીયારી દિવાલ, ફ્લોર, છત વિગેરેમાં નુકશાન થાય અગર તેની મજબુતાઈને કોઈ અસર થાય તેવા કોઈ કૃત્યો વેચાણ લેનારે કરવા કરાવવાનાં નથી.

૨૦. સદરહુ સ્કીમમાં વોટર બોર, તેમજ તે અંગેનો પમ્પ, અન્ડરગ્રાઉન્ડ કોમન પાણીની ટાંકી તથા કોમન લાઈટીંગની સગવડ આવેલી છે. તેમજ સદરહુ સ્કીમમાં આંતરિક રોડ આવેલા છે તેમજ સદરહુ સ્કીમમાં ઈલેક્ટ્રીક સબ-સ્ટેશન આવેલ છે. અને એ રીતેની કોમન સુવિધાઓ સદરહુ યોજનામાં આવેલી છે. જે કોમન સુવિધાઓનો ઉપયોગ // આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ // યોજનામાં બીજા માલીક કબજેદારો સાથે સહિયારો, સુમેળ અને શાંતિથી વેચાણ લેનારે કરવા કરાવવાનો છે.

૨૧. એ રીતે સદરહુ // આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ // એ નામથી ઓળખાતી બાંધકામવાળી મિલકતમા આવેલ તમામ કોમન એમેનીટીઝની જગ્યામાં દરેક બ્લોકમાં આવેલ કોમન એમેનીટીઝની જગ્યામાં વેચાણ લેનારે કોઈ ચીજ વસ્તુઓ મુકવાની નથી કે તેવી તમામ કોમન એમેનીટીઝની જગ્યામાં કોઈ કચરો કે નકામી વસ્તુઓ વેચાણ લેનારે નાંખવાની નથી તેમજ તેવી કોમન એમેનીટીઝની જગ્યામાં અન્ય મેમ્બર્સને પજવણી, એનોયન્સ,ન્યુસન્સ થાય તેવુ કોઈ કૃત્ય વેચાણ લેનારે કરવા કરાવવાનું નથી.

૨૨. વેચાણ આપનારે સદરહુ મિલકતનું બાંધકામ નિયમ અનુસારનું કરેલ છે. સદરહુ મિલકત જોઈ તપાસીને જ વેચાણ લેનારે વેચાણ રાખેલ છે. બાંધકામમાં વપરાયેલ સ્ટીલ,સિમેન્ટ, રેતી કપચી વિગેરેની ગુનવત્તા તથા બાંધકામની મજબુતાઈ તથા ફાઉન્ડેશન્સ, એન્જીનીયરને સાથે

રાખીને વેચાણ લેનારે તપાસી/ચકાસી લીધેલ છે. જો આકસ્મીક સંજોગોના કારણે ભુકંપ કુદરતી આફતનાં કારણે સદરહુ બાંધકામવાળી મિલકત જમીન દોસ્ત થાય તો વેચાણ લેનારે અન્ય માલીક કબજેદારો સાથે રહીને બિલ્ડીંગ બાંધવા અંગેની કાર્યવાહી વેચાણ આપનારની જરુરી સલાહ અને સુચના મુજબ કરવા કરાવવાની રહેશે. અને જે માળે વેચાણ લેનારને જેટલા ક્ષેત્રફળનું યુનિટ આપવામાં આવેલ છે, તેટલા જ ક્ષેત્રફળનું યુનિટ મેળવવા વેચાણ લેનાર હક્કદાર રહેશે. અને તે અંગેના બાંધકામનો જે ખર્ચ નક્કી થાય તે અગાઉથી વેચાણ લેનારે ચુકવી આપવાનો રહેશે. તેમજ જો ઉપર જણાવ્યા મુજબના સંજોગોના કારણે બિલ્ડીંગને નુકસાન થાય તો તેવે વખતેપણ વેચાણ લેનારે અન્ય માલીક કબજેદારો સાથે રહીને પણ સદરહુ મિલકતના વરાડે આવતી દુરસ્તી ખર્ચની રકમ ચુકવીને તેવું નુકસાન દૂર કરાવી લેવાનું રહેશે.

૨૩. સદરહુ યોજનાના તમામ સભ્યો ભેગા મળીને કોમન એમેનીટીઝ માટે સર્વિસ સોસાયટીની રચના કરે તો તેમાં ફરજીયાત વેચાણ લેનારે સભાસદ તરીકે જોડાવવાનું રહેશે તે અંગે નક્કી કરેલી સભાસદની રકમ સર્વિસ સોસાયટીમાં જમા કરાવવાની રહેશે. તેમજ કોમન ઈલેક્ટ્રીક ચાર્જીસ, કોમન સીક્યુરીટી ચાર્જીસ, સાફ સફાઈ અંગેના ખર્ચા, બોરીંગ અંગેના ખર્ચા તથા જમીન મહેસુલનાં ખર્ચા વિગેરે ખર્ચા તથા મેઈન્ટેનન્સ સારુ જે રકમ નક્કી કરવામાં આવે તે પ્રમાણેની રકમ વેચાણ લેનારે મેઈન્ટનન્સ એકાઉન્ટમાં ડિપોઝીટ તરીકે અથવા માસિક ખર્ચ તરીકે જમા કરાવવાની રહેશે. અને સદરહુ બિલ્ડીંગનાં સભ્યો ભેગા મળીને જે નિતિ નિયમો નક્કી કરે તે પ્રમાણે વેચાણ લેનારે વર્તવાનું રહેશે., અને તે પ્રમાણે વર્તવાની વેચાણ લેનાર ખાત્રી તથા બાહેધરી આપે છે.

૨૪. વેચાણ આપનાર વેચાણ લેનારને આથી બાહેધરી આપે છે કે, સદરહુ મિલકતના રાઈટ ટાઈટલ્સ ક્લીયર, માર્કેટેબલ અને ટ્રાન્સફરેબલ છે. વેચાણ આપનાર વધુમાં જણાવે છે કે હવેથી સદરહુ મિલકત તેના અસલ હદ હક્કો મુજબની ચાંદો સુરજ તપે ત્યાં સુધીની વેચાણ લેનાર ભોગવે, વેચે, સાટે, ગીરો આપે યા તેમનું દિલ ચાહે તેમ વાપર ઉપયોગ કરવા આથી હક્કદાર છે વેચાણ આપનાર વેચાણ લેનારને વધુમાં જણાવે છે કે, સદરહુ મિલકતના વેચાણ લેનારના માલીકી અને કબજા ભોગવટામાં વેચાણ આપનાર કે વેચાણ આપનારના હાલના કે વખતો વખતના ભાગીદારો કે તેમના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામ કોઈપણ જાતની હરકત,અંતરાય કે અટકાયત કરશે કરાવશે નહીં અને કરે કરાવે અને તેથી કરીને વેચાણ

લેનારને થતું હરેક પ્રકારનું ખર્ચ અને નુકસાન અવેજ સહિત વેચાણ અપનાર તથા વેચાણ આપનારના હાલના તથા વખતોવખતના ભાગીદારો તથા તેમના વંશ,વાલી,વારસો તમામ ભરપાઈ કરી આપવા આથી બંધાયેલા છે.

૨૫. વેચાણ આપનાર વેચાણ લેનારને આથી બાહેધરી આપે છે કે, વેચાણ આપનારે કે વેચાણ આપનારના હાલના ડીરેક્ટરોએ કે તેમના વંશ,વાલી, વારસો ઈત્યાદી તમામે સદરહુ મિલકત બીજા કોઈને વેચાણ, ગીરો,બક્ષીસ લખી આપેલ નથી કે બીજી કોઈપણ રીતે લખી આપી ટ્રાન્સફર કે એસાઈન કરેલ નથી. તેમજ સદરહુ મિલકત ઉપર કોઈનો ખોરાકી પોશાકીનો રહેઠાણનો કે બીજો કોઈપણ જાતનો લાગભાગ યાને કે હક્ક, હિસ્સો પોશાતો નથી. તેમજ સદરહુ મિલકત અંગે કોઈપણ અદાલત કે કચેરીમાં કોઈપણ જાતના દાવાદુવી થયેલા નથી કે હાલમાં જારી નથી કે કોઈપણ જાતનું હુકમનામું થયેલ નથી તેમજ સદરહુ મિલકત જપ્તી કે અવલજપ્તીમાં લેવામાં આવેલ નથી, તેમજ સદરહુ મિલકત કોઈને વેચવી વેચાવવી નહીં કે કોઈના કબજે સોંપવી સોંપાવવી નહીં કે બીજી કોઈપણ રીતે લખી આપી ટ્રાન્સફર કે એસાઈન કરવી કરાવવી નહી. તેવો કોઈ જાતનો મનાઈ હુકમ વેચાણ આપનાર પર નિકળેલો નથી કે વેચાણ આપનારને મળેલો કે બજેલો નથી. વેચાણ આપનાર વેચાણ લેનારને વધુમાં બાંહેધરી આપે છે કે સદરહુ મિલકત અંગે કે તેના કોઈપણ ભાગ અંગે વેચાણ આપનાર કે વેચાણ આપનારના હાલના તથા વખતો વખતના ભાગીદારો કે તેમના વંશ,વાલી, વારસો ઈત્યાદી તમામે વેચાણ,ગીરો, બક્ષીસનો ખોરાકી પોષાકી, રહેઠાણનો કે બીજા કોઈપણ જાતનો હક્ક,દાવો કે અલાખો કરતો કોઈપણ વ્યક્તિ અગર શખ્સ આવે અને તેથી કરીને વેચાણ લેનારને થતુ હરેક પ્રકારનું ખર્ચ અને નુક્સાન અવેજ સહિત વેચાણ આપનાર તથા વેચાણ આપનારના હાલના તથા વખતો વખતના ભાગીદારો કે તેમના વંશ,વાલી, વારસો ઈત્યાદી તમામ ભરપાઈ કરી આપવા આથી બાંધાયેલા છીએ.

૨૬. આ વેચાણ દસ્તાવેજની શરતો અને જવાબદારીઓને આધિન સદરહુ મિલકત અન્યને વેચાણ, ગીરો, બક્ષીસ,ટ્રાન્સફર કે એસાઈન કરવા કરાવવા વેચાણ લેનાર હક્કદાર છે અને રહેશે.

૨૭. સદરહુ // આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ // બિલ્ડીંગમાં આવેલ બ્લોક નં.એ તથા બ્લોક નં. જે પાંચમા માળ સુધીના સભાસદો એ યાને યુનીટ હોલ્ડરોએ સંલગ્ન ખુલ્લી જગ્યામાં વાપર ઉપયોગ કરવાનો હક્ક રહેશે અને પાંચમા માળ ઉપર આવેલ ટેરેસના બાંધકામવાળી મિલકતની માલીકી વેચાણ આપનાર યાને કંપનીની રહેશે. તે અંગે વેચાણ લેનારને કોઈ હક્ક કે અધિકાર આપવામાં અવેલા નથી. તેમજ તે તમામ અંગે વેચાણ લેનારે ક્યારેય પણ કોઈપણ જાતનો હક્ક, દાવો કે માંગણી કરવા કરાવવાની નથી કે ક્યારેય પણ કોઈપણ જાતનો વાંધો કે

તકરાર ઉપસ્થિત કરવા કરાવવાના નથી. વધુમાં સદરહુ // આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ // એ નામથી ઓળખાતી બાંધકામવાળી મિલકતનાં એ બ્લોક તથા જે બ્લોકમા ઓવર હેડ પાણીની ટાંકી, પમ્પ, લીફ્ટ રુમ, ઈલેક્ટ્રીક કનેક્શન વિગેરે કોમન એમેનીટીઝના મેન્ટેનન્સ સારુ તેના કંપની કે કંપની વતી જે તે કારીગરો/માણસોને ટેરેસ ઉપર જવા આવવાનો તથા તેવી કામગીરી કરવાનો હક્ક રહેશે. અને તેવી કામગીરી કરવા સારુ તેવા જે તે કારીગરો/માણસોને ટેરેસ ઉપર જવા આવવા સારુ કોઈપણ જાતની રોકટોક સભાસદોએ કરવાની નથી અને તેવી પરવાનગી આપવાની રહેશે.

૨૮. સદરહુ // આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ // એ નામથી ઓળખાતી બાંધકામવાળી મિલકતમાં હાલમાં બિલ્ડીંગ બાયલોઝ પ્રમાણેનું પુરેપુરુ બાંધકામ કરવા કરાવવામાં આવેલુ છે. પરંતુ ભવિષ્યમાં બ્લોકના બિલ્ડીંગ બાયલોઝમાં સુધારો વધારો થાય અને સદરહુ બાંધકામવાળી મિલકતમાં આવેલ ટેરેસ ઉપર વધારાનું બાંધકામ કરવાની મંજુરી મળે અગર વધુ એફ.એસ.આઈ. મંજુર કરવાથી ટેરેસ ઉપર વધારનુ બાંધકામ કરવાનું મળે તેઓ તેવુ વધારાનું બાંધકામ કરવા કરાવવા વેચાણ આપનાર માલીક કબજેદાર હક્કદાર છે અને રહેશે. અને તેવા વધારાના બાંધકામ કરવા સારુ બ્લોક કે ના બિલ્ડીંગનાં કોલમ્સ, બીમ્સ, સ્લેબ્સ, દિવાલો વિગેરેનો ઉપયોગ કરવા અને તેનો આધાર લેવા તેવા વેચાણ આપનાર માલીક કબજેદાર હક્કદાર છે અને રહેશે. અને તેવુ વધારાનું બાંધકામ પોતાની રીતે અન્યને વેચાણ કરવા પણ તેવા વેચાણ આપનાર માલીક કબજેદાર હક્કદાર છે અને રહેશે. અને તે તમામ અંગે વેચાણ લેનારે ક્યારેય પણ કોઈપણ જાતનો વાંધો કે તકરાર ઉપસ્થિત કરવા કરાવવાના નથી કે કોઈપણ જાતની હરકત, અંતરાય કે અટકાયત કરવા કરાવવાનાં નથી કે કોઈપણ જાતના દાવાદુવી વિગેરે કરવા કરાવવાના નથી તેમ છતાં પણ જો કરે કરાવે તો તે તમામ આ વેચાણ દસ્તાવેજની રુઈએ રદબાતલ છે અને ગણાશે. એટલે કે તે તમામ અંગે વેચાણ લેનારની સ્પષ્ટપણે સંમતી છે અને રહેશે. અને વધુમાં વેચાણ આપનાર વેચાણ લેનારને જણાવે છે કે, સદરહુ એ બ્લોક તથા જે બ્લોકના પાંચમા માળે આવેલ ધાબા/ટેરેસની માલીકી હરહંમેશ વેચાણ આપનારની છે અને રહેશે. અને તેવા ધાબા/ટેરેસ વેચાણ આપનાર અન્ય કોઈ વ્યક્તિ, શખ્સ, સંસ્થાને ભાડે કે પેટાભાડે આપવા હક્કદાર છે અને રહેશે. તેમજ તેવા ધાબા/ટેરેસ ઉપર વેચાણ આપનાર જાહેરાત બોર્ડ, મોબાઈલ કંપનીના ટાવર સારુ કોઈને પણ ભાડે આપી શકશે. તે અંગે વેચાણ લેનાર કોઈપણ પ્રકારના વાંધા તકરાર ઉપસ્થિત કરવા કરાવવાને હક્કદાર રહેશે નહી.

૨૯. આ વેચાણ દસ્તાવેજની શરતો અને જવાબદારીઓને આધિન મજકુ મિલકત અન્યને વેચાણ,ગીરો,બક્ષીસ, ટ્રાન્સફર કે એસાઈન કરવા કરાવવા વેચાણ લેનાર હક્કદાર છે અને રહેશે.

૩૦. વેચાણ લેનારે આ વેચાણ દસ્તાવેજમાં જણાવેલ શરતો અને જવાબદારીઓ કબુલ મંજુર રાખી તેવી શરતો અને જવાબદારીઓ પાલન કરવાની શરતે જ મજકુર મિલકત વેચાણ રાખેલ છે.

૩૧.રેરા રજીસ્ટ્રેશન નંબર.-------------- તારીખ.---------------- થી મેળવેલ છે.

પરિશિષ્ટ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૭(ઓઢવ)ના તાલુકે મણીનગરના મોજે રખીયાલની સીમના સર્વે નંબર.૩૧૧/૩ ના ટી.પી. સ્કીમ નંબર.૧૦ ના ફાઈનલ પ્લોટ નંબર.૨ ની ૧૯૫૧૬ ચો.મી બિનખેતિની ઔદ્યોગીક હેતુવાળી જમીનમાં ઔદ્યોગીક હેતુ માટે જુદા જુદા બ્લોકોનું // **ગુરુકૃપા પ્રોકોન્સ પ્રા.લી** *//* **(જુનુ નામ આરત ઈલેકટ્રો કેમીકલ્સ પ્રા.લી)** *દ્રારા* **॥ આરત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ॥** *ના નામે યુનીટોનું બાંધકામ કરવામાં આવેલ છે અને તેમાં આવેલ બ્લોક* **નંબર.------** *માં આવેલ* **યુનીટ નંબર.------ ------------ ચો.મી યાને ------- ચો.વાર***ના બાંધકામવાળી મીલકત જેના ખુંટ ચારની વીગત નીચે પ્રમાણે છે.*

<u>ખુંટ ચારની વીગત</u>

પૂર્વ :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

આરત ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટમાં બ્લોક નં. --- ના યુનીટ નં. ----- વાળી
મિલકતનો ઓળખ અંગેનો ફોટોગ્રાફ

(વેચાણ આપનાર લખી આપનાર)

(વેચાણ રાખનાર લખાવી લેનાર)

// ૧૫ //

આરત ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટમાં બ્લોક નં. --- ના યુનીટ નં. ----- વાળી
મિલકતનો ઓળખ અંગેનો ફોટોગ્રાફ

(વેચાણ આપનાર લખી આપનાર)

(વેચાણ રાખનાર લખાવી લેનાર)

એ રીતેનો ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ આ વેચાણ દસ્તાવેજનાં પક્ષકારોએ પોતપોતાની રાજીખુશીથી, તેમજ અક્કલ હોંશીયારીથી વાંચી, સમજી અને વિચારીને કોઈનાં કોઈપણ જાતનાં દાબદબાણ સિવાય સ્વસ્થચિત્તે અને શરીરે કરેલો છે. જે આ વેચાણ દસ્તાવેજનાં પક્ષકારોને કબુલ મંજુર અને બંધનકર્તા છે રહેશે અને ગણાશે.

અમદાવાદ

તા. / /૨૦૧૭

અત્રે________________________ મતુ ______________________ શાખ

________________________ ________________________

ગુરુકૃપા પ્રોકોન્સ પ્રા.લી.
(જુનુ નામ આરત ઈલેક્ટ્રો કેમીકલ્સ પ્રા.લી.)
તેના વતી અને તરફથી તેના ડિરેક્ટર
જમાલ અખ્તર સલીમુદ્દીન રાજપુત
(વેચાણ આપનાર લખી આપનાર)

સાક્ષી

________________________ ________________________

સાક્ષી

(વેચાણ રાખનાર લખાવી લેનાર)

રજીસ્ટ્રેશન અધિનિયમની કલમ ૩૨ (અ) મુજબનું પરીશિષ્ટ

ગુરુકૃપા પ્રોકોન્સ પ્રા.લી.
(જુનુ નામ આરત ઈલેક્ટ્રો કેમીકલ્સ પ્રા.લી.)
તેના વતી અને તરફથી તેના ડિરેક્ટર
જમાલ અખ્તર સલીમુદ્દીન રાજપુત
(વેચાણ આપનાર લખી આપનાર)

(વેચાણ રાખનાર લખાવી લેનાર)